सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| **તારીખ** | ૦૨ | ૦૧ | ૨૦૨૬ |
| **રજી.તારીખ** | ૦૨ | ૦૧ | ૨૦૨૬ |
| **ફે. તારીખ** | ૧૫ | ૦૬ | ૨૦૨૬ |
| **સમયગાળો** | વર્ષ | માસ | દીવસ |
| | | | |

**જામજોધપુરના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટમાં**

**મુ. જામજોધપુર**

**ફોજદારી કેસ નં.૨૦/૨૦૨૬**

**આંક–**

**ફરીયાદી** – શ્રી સરકાર

શેઠવડાળા પો.સ્ટે. ગુ.ર.ન–૧૧૨૦૨૦૧૩૨૫૦૦૫૧/૨૫

**વી.**

**આરોપી** – **ભોજાભાઇ લાખાભાઇ હુણ**

ઉ.વ.–૩૦ ધંધો–પશુપાલન
રહે.મેલાણ ગામ.,
તા.જામજોધપુર, જિ.જામનગર

-------------------------------------

**ગુન્હો – ગુજ. પ્રોહી. એકટ કલમ– ૬૫(એ)(ઇ)**

| | |
|---|---|
| **ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી** | એસ.યુ.બાબી |
| **આરોપી તરફે વિ. વ.શ્રી.** | એન.એચ.લાલાણી. |

**– :: ઠરાવ :: –**

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૦૬–

૦૨–૨૦૨૫ ના રોજ કલાક ૧૮:૦૦ વાગ્યે મેલાણ ગામ આરોપીના રહેણાક મકાને પોતાના કબ્જામાં ગેરકાયદેસર દેશી પિવાનો દારૂ લીટર–૪૦ કિ.રૂા.૮૦૦૦/– નો રાખી હાજર નહી મળિ આવેલ જેથી આરોપી વિરુધ્ધ પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (એ)(ઇ) મુજબની ફરિયાદ આપતા તેની તપાસના અંતે આરોપી વિરુધ્ધ હાલનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) આરોપી કોર્ટમાં હાજર થતા તેને બી.એન.એસ.એસની કલમ–૨૩૦ મુજબ પોલીસ તપાસના કાગળોની તમામ નકલો વિના મુલ્યે આપેલ. આ કામે આંક–૦૪ થી તહોમતનામુ ફરમાવી, આંક–૦૫ થી ગુના અંગેની પ્લી લેતાં, તેઓને ગુનો કબુલ ન હોય હાલનો કેસ આગળ ચલાવવામાં આવેલ.

(૩) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબના પુરાવાઓ આપેલ છે.

**મૌખિક પુરાવો**

| ક્રમ | સાહેદનુ નામ | | આકં |
|---|---|---|---|
| ૧ | ફરીયાદી | રૂષીરાજસિંહ રણજીતસીંહ વાળા | ૬ |
| ૨ | પંચ સાહેદ | ગલાભાઈ રામાભાઈ છેલાણા | ૦૮ |
| ૩ | પંચ સાહેદ | રાજેશભાઈ પોપટભાઈ મકવાણા | ૧૦ |

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૦૭ |
| ૨ | પંચનામુ | ૦૯ |

(૪) ત્યાર બાદ પુરાવાના અંતે આ કામના આરોપી વિરુધ્ધ રેકર્ડ પર આવેલા પુરાવા સંદર્ભે તેને પોતાના બચાવની વ્યાજબી અને પુરતી તક મળી રહે તે હેતુથી ભારતીયા નાગરીક સુરક્ષા સંહીતા ની કલમ ૩૫૧ અન્વયે આરોપીના અગાઉ લેવાયેલા નિવેદન તળે વિશેષ નિવેદન લેતા તેમણે જણાવેલ છે કે, તેમના ઉપર ખોટો કેસ કરેલ છે તેમજ તેઓને બચાવના સાહેદો તપાસવા નથી કે સોગંદ પર પુરાવો આપવો નથી, તે સીવાય આરોપી

પક્ષે પોતાના બચાવમાં કોઇ લેખીત મૌખીક પુરાવો રજુ રાખેલ નથી. ત્યાર બાદ ઉભય પક્ષોની દલીલો સાંભળવામાં આવેલ .

(૫) આમ, હાલના કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્ધા ઉપસ્થિત થાય છે.

**:: મુદા ::**

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,તા.૦૬–૦૨–૨૦૨૫ ના રોજ કલાક ૧૮:૦૦ વાગ્યે મેલાણ ગામ આરોપીના રહેણાક મકાને પોતાના કબ્જામાં ગેરકાયદેસર દેશી પિવાનો દારૂ લીટર–૪૦ કિ.રૂા.૮૦૦૦/– નો રાખી હાજર નહી મળિ આવેલ જેથી આરોપી વિરુધ્ધ પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (એ)(ઈ) મુજબ નો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્ધાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**:: નિર્ણયો ::**

(૧) મુદ્ધા નંબર : ૧ : નકારમાં

(૨) મુદ્ધા નંબર : ૨ : આખરી હુકમ મુજબ.

**:: કારણો ::**

(૭) ઉપરોકત નિર્ણય પર આવવા માટેના મારા કારણો નીચે મુજબ છે.

**મુદા નં.૧ :–**

૭.૧ ફરીયાદપક્ષે ફરીયાદી રૂષીરાજસીંહ રણજીતસીંહ વાળા નાએ તેઓની આંક–૦૮ ની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે,ગઇ તા.૦૬/૦૨/૨૦૨૫ ના રોજ અમો તથા પો. હેડ કો.કે.સી.જાડેજા વિગેરે એ રીતેના એલ.સી.બી.ના સ્ટાફના માણસો ક.૧૫:૦૦ વાગ્યાથી શેઠવડાળા જામજોધપુર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે મેલાણ ગામ પાસે પહોંચતા અમોને ચોક્કસ હકીકત મળેલ કે અહીં આગળ રહેતો ભોજાભાઇ લાખાભાઇ હુણ રે.મેલાણ પોતાના મકાન આગળ કપાસની સાહીઓ વચ્ચે દેશી દારૂ નો જથ્થો રાખી વેચાણ કરે છે જે હકીકતના આધારે બે રાહદારી પંચોને બોલાવી

પંચોને હકીકતની સમજ કરી હકીકતવાળી જગ્યાએ ક.૧૮:૦૦ વાગ્યે રેડ કરતા સદર જગ્યાએ કોઇ ઇસમ હાજર મળી આવેલ નહી. પંચોને સાથે રાખી હકીકતવાળી જગ્યાની ઝડતી તપાસ કરતા કપાસની સાઠીઓની નિચે એક પ્લાસ્ટીકનું બાચકું મળી આવેલ જે બાચકાંમાં પ્રવાહીભરેલ પારદર્શક કોથળી મળી આવેલ જેમાં રહેલ પ્રવાહી પંચો રૂબરૂ સુંઘી સુંઘાડી  ખાતરી કરતા તેમાં દેશી દારૂ લિ –૪૦ કિંમત રૂ.૮૦૦૦/– ગણી તેમાંથી સેમ્પલ બોટલ ભરી પંચનામાની વિગતે સાથેના હેડ કો.કે.સી.જાડેજાનાઓએ કબ્જે કરેલ અને પંચોરૂબરૂનું વિગતવારનું પંચનામું કરેલ. મજકુર ઇસમ સામે ધોરણસર થવા અમોએ પ્રોહી કલમ  ૬૫ એ ઈ મુજબની ફરીયાદ હેડ કો.કે.સી.જાડેજા રૂબરૂની આપેલ . મને ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં ફરીયાદી તરીકે મારી સહી છે જે હું ઓળખું છું જેને રજુ દાખલ આંક–૦૯ આપવામાં આવેલ.

ત્યારબાદ આરોપીના વિ.વ.શ્રી દવારા ઉલટ તપાસ કરવામાં આવતા એ વાત કબુલ રાખેલ છે કે, એ વાત ખરી છે કે પ્રથમ પંચનામું કરેલ ત્યારબાદ ફરીયાદ કરેલ. એ વાત ખરી છે કે ફરીયાદમાં  પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે રેડ વારી જગ્યા જાહેર રોડ આવેલ છે. એ વાત ખરી છે કે આરોપીના પ્રત્યક્ષ અને સભાન કબ્જામાંથી કોઇ પ્રતિબંધિત પ્રોહી મુદામાલ મળી આવેલ નથી. એ વાત ખરી છે કે અમો પેટ્રોલિંગમાં હતા તેવો કોઇ સાધનિક પુરાવો ફરીયાદ સાથે સામેલ રાખેલ નથી. એ વાત ખરી નથી કે આવો કોઇ આરોપી પંચો રૂબરૂ મુદામાલ સાથે મળી આવેલ ન હોય કામગીરી બતાવવા ખોટી ફરીયાદ કરેલ.

૭.૨ આ ફરીયાદ મુદ્દામાલ રીકવર કર્યા અંગેના પંચનામાનાં પંચ સાહેદો ને તપાસવામા આવેલ છે. આ પંચ સાહેદો જણાવેલ છે કે, તેઓ પોલીસ સાથે કોઈ કામગીરી માં ગયેલ નથી, પરંતુ તે સમયાગાળમાં તેઓની પોલીસે તૈયાર લખાણમાં સહી લીધેલી. તે રીતે આ પંચ સાહેદે ફરીયાદ પક્ષનાં કેસની હકીકતને કોઈ સમર્થન આપેલ નથી. ફરીયાદ પક્ષ તરફથી તેમને ફરી ગયેલા જાહેર કર્યા બાદ તેમની ઉલટ તપાસ દરમ્યાન પણ ફરીયાદ પક્ષ પંચનામા સંબંધે કોઈ ફળદાયી હકીકત કઢાવી શકેલ નથી. એટલે કે, ફરીયાદ પક્ષ તરફથી મુદ્દામાલ રીકવર કરેલ તે બાબતના પંચ સાહેદ ને

તપાસવામાં આવેલા છે અને તેમની જુબાની દરમ્યાન જે પંચનામુ રજુ થયેલ છે તે રજુ થયેલ પંચનામા ને પંચ સાહેદે સમર્થન આપી તે પંચનામાની હકીકતને પુરવાર કરેલ નથી. આમ, બનાવના ભાગરૂપે પોલીસ તપાસની કાર્યવાહી દરમ્યાન પંચનામુ થયેલ છે અને તે પોલીસ કાર્યવાહીનાં સમર્થનમાં જે પંચનામું રજુ થયેલ છે, તે પંચનામું ફરીયાદ પક્ષે સર્મથનકારી પુરાવાથી પુરવાર કરવું જોઈએ. તે આ કામે પંચનામુ પુરવાર થયેલ નથી. જે આગળ ઉપર કરેલ ચર્ચા ધ્યાને લેતાં સ્પષ્ટ બની રહેલ છે.

૭.૩ આમ, આ કામે રજૂ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો જોતાં તપાસવામાં આવેલ પોલીસ સાહેદ ફરીયાદની હકીકતને અનુરૂપ પુરાવો રજુ રાખેલ છે. પરંતુ સદર પોલીસ સાહેદના પુરાવાને આ કામે તપાસવામાં આવેલ પંચ સાહેદના પુરાવાથી સર્મથન પ્રાપ્ત થયેલ નથી. કે અન્ય પોલીસ સાહેદોના પુરાવાથી પણ સર્મથન મળેલ નથી. આમ મહત્વના કહી શકાય તેવા પંચ સાહેદની જુબાની લક્ષમાં લેતાં મુદ્દામાલ રીકવરી અન્વયે લેશમાત્ર પુરાવો આપેલ ન હોય ત્યારે બનાવ ના સમય અને સ્થળે આરોપીના પ્રત્યક્ષ અને સભાન કબ્જા ભોગવટા માંથી પ્રતીબંધીત પ્રોહી મુદામાલ મળિ આવેલ હતો તે પુરાવાર થતુ નથી વધુમાં ફરીયાદ પક્ષના પડેલ પુરાવાથી બનાવ વાળિ જગયા જાહેર જગ્યા હોવાનુ રેકર્ડપર આવેલ છે. તેમ છતા તેમજ આરોપીના કબ્જા માંથી બનાવ ના સમય અને સ્થળે પ્રતિબંધિત પ્રોહી મુદામાલ મળિ આવેલ હતો તે પુરવાર કરવા અન્ય કોઈ સ્વતંત્ર સાહેદ તપાસેલ નથી કે તેવા કોઈ સાહેદના નીવેદનો લીધેલ હોય તેવુ પણ ફલીત થતુ નથી. અને તે ન લેવા પાછળનુ કોઇ વ્યાજબી કારણ તપાસ કરનાર અધીકારીએ પોતાના પુરાવામાં જણાવેલ નથી. આમ વધુમાં આ કામે પકડાયેલ મુદ્દામાલની ચકાસણી અંગે એફ.એસ.એલ. રીપોર્ટ રજૂ કરવામાં આવેલ ન હોઈ પકડાયેલ મુદ્દામાલ પ્રતિબંધિત દેશી દારૂ જ હતો એવા તારણ પર આવી શકાય એમ નથી. જેથી આરોપી નાઓના પ્રત્યક્ષ અને સભાન કબ્જામાંથી બનાવના સમય અને સ્થળે પ્રતિબંધિત પ્રોહી મુદામાલ સાથે હાજર મળિ આવેલ હતો તે ફરીયાદ પક્ષ પોતાના પુરાવાથી શંકાથી પર પુરવાર કરી શકેલ નથી આમ જયારે ફરીયાદ પક્ષના કેશમાં શંકા ઉપસ્થીત

થતી હોય ત્યારે કાયદાના સ્થાપીત સીંધ્ધાંતો મુજબ ફરીયાદમાં રહેલ શંકાનો લાભ આરોપીના ફાળે જાય છે.

૭.૪ આમ, આ કામે આરોપીઓ સામે મૂકવામાં આવેલ તહોમત ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી તમામ પુરાવો લક્ષમાં રાખતાં ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોય **મુદા નં.**૧ નો નિર્ણય **નકારમાં** ઠરાવવામાં આવે છે અને મુદા નં.૨ નો અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**– હુ ક મ –**

(૧) આ કામના આરોપી:(૧) **ભોજાભાઇ લાખાભાઇ હુણ** ઉ.વ.–૩૦ રહે. મેલાણ ગામ તા.જામજોધપુર, જિ.જામનગર ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૧ અન્વયે પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એ,એ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવે છે.

(૨) મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબનાં પ્રોહીબીશન મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવો તથા અન્ય મુદામાલ નો વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમી કરવાનો હુકમ કરવામાં આવે છે. અન્યથા અપીલ સમય વિત્યે માલીકીની ખરાઇ કરી પરત સોંપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે આરોપીઓએ બી.એન.એસ.એસની કલમ–૪૮૧ મુજબ અપીલ સમય સુધીના રૂા.૫૦૦૦/– (રૂપિયા પાંચ હજાર પુરા/–) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમચુરકો રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તા. ૧૫મી માહે જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

સ્થળ:– જામજોધપુર
તા. ૧૫–૦૬–૨૦૨૬

**(નરેશકુમાર રમેશભાઇ ગોહેલ)**
જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
જામજોધપુર
જજ કોડ : જીજે – ૦૧૫૮૪